પ્રશ્નપત્ર કોડ : **BWEJ-13**

ફેબ્રુઆરી-**2013**

સીટ નંબર (અંકોમાં)

કુલ છાપેલાં પાનાં : **2** સમય : **1.30** કલાક કુલ ગુણ : **50**

1 દીવાની કાર્યવાહીમાં સમન્સ/નોટિસ/વૉરંટની બજવણીની પ્રક્રિયામાં થતા વિલંબને નિવારવા આપના સૂચનો જણાવો. ૧૫

2 દીવાની દાવામાં પ્રતિવાદી નં.-2 જણાવેલ સરનામે રહે છે પણ હાજર ન હોઈ, તેમના કુટુંબની પુખ્ત ઉંમરની વ્યક્તિને દાવાનો સમન્સ સ્વીકારી કોપીમાં સહી કરવાનું બેલિફે જણાવતા, સમન્સ સ્વીકારવાની હા પાડે છે પણ કોપીમાં સહી કરવાનો ઈન્કાર કરે છે, તો આ બાબતે બેલિફે કોર્ટને કરવાના બજવણી રિપોર્ટનો મુસદ્દો તૈયાર કરો. ૧૫

**અથવા**

2 કોઈ એક પરીક્ષામાં તમારા બ્લોકમાં એક ઉમેદવાર, પોતાના મોબાઈલથી મિત્રને એસ.એમ.એસ. કરી, પ્રશ્નોના ઉત્તરો મેળવી, ઓ.એમ.આર. શીટમાં તે પ્રમાણે માર્કિંગ કરતો હોવાનું જણાતા, સુપરવાઈઝરનું આપે ધ્યાન દોરેલ, પણ કોઈ પગલાં લેવાયેલ નહિ, તો આ બાબતે રજિસ્ટ્રાર (રિક્રુટમેન્ટ)ને જરૂરી પગલાં લેવાં પત્ર લખો. ૧૫

3 દીવાની દાવામાં વાદી તરફથી કઢાવવામાં આવેલ સાહેદ સમન્સમાં જણાવેલ નામ- અટકવાળી વ્યક્તિ સદરહુ ગામમાં ત્રણ હોવાનું માલૂમ પડતા બેલિફે કોર્ટને કરવાના બજવણી રિપોર્ટનો મુસદ્દો તૈયાર કરો. ૧૫

**અથવા**

3 બેલિફ તરીકેની જંગમ વૉરંટની બજવણીના તબક્કે હુકમનામા-દેણદારના ઘરમાંથી, અમદાવાદમાં થોડા સમય પહેલાં ચાલુ વાહનમાંથી પડી ગયેલ સોનાની પાટો પૈકીની એક પાટ મોજૂદ હોવાનું આપને માલૂમ પડે છે, તો આ બાબતે સંબંધિત પોલીસ અધિકારીનું ધ્યાન દોરતો રિપોર્ટ તૈયાર કરો. ૧૫

www.rijadeja.com

4 નીચે આપેલ પરિચ્છેદમાંથી પ્રશ્નોનાં ઉત્તર આપો : ૫

માણસ પોતાના પેટ માટે પ્રવૃત્તિ કરે છે, તો પશુપક્ષી જીવજંતુઓ વગેરે સારાસાર વિચારહીન પ્રાણીઓ પણ પેટ માટે સર્વ પ્રવૃત્તિ કરે છે, પરંતુ માનવ અને ઈતર પ્રાણીઓ વચ્ચે એક મોટું અંતર છે, તે ''ધી''નું-'બુદ્ધિ'નું માનવ હિત અને અહિતનો ખ્યાલ રાખી શકે છે, શું સારું કે શું નઠારું એ વિચારી શકે છે, શાનાથી લાભ અને શાનાથી ગેરલાભ એ સમજી શકે છે, ઈતર પ્રાણીઓને આવું કશું નથી અને તેથી માનવ બધાં પ્રાણીઓ ઉપર પ્રભુત્વ ધરાવે છે પણ એ પ્રભુત્વ અધિકાર નથી, પરંતુ સમભાવી વર્તન માટે છે. અસમભાવ આવતાં જ માનવ 'પશુવૃત્તિ'નો બની જાય છે. પછી એ માનવ રહેતો નથી. 'ધર્મ' એ તેથી માનવ માટે છે એ દર્શાવવા ધર્મલક્ષણોને આત્મસાત્ કરે છે, ત્યારે સાચો ધર્મિષ્ઠ બને છે, બાકી એ ધર્મ પાળવાનો દંભ કરનારો હકીકતે 'અધાર્મિક' છે. એ લોકોની નિંદાને પાત્ર બને છે. 'ધર્મ'નો ભાષાઓમાં પર્યાય જોઈતો હોય તો એ માત્ર એક શબ્દ છે, અને એ 'નીતિ' ધર્મનાં પેલાં દસે લક્ષણ 'નીતિ'માં એટલાં જ બંધ બેસી રહે છે.

**પ્રશ્નો :**

(1) માણસ શા માટે પ્રવૃત્તિ કરે છે ?

(2) માણસનું પ્રભુત્વ શા માટે છે ?

(3) માણસ ધર્મિષ્ઠ ક્યારે બને છે ?

(4) માણસ ક્યારે પશુવત્ બની જાય છે ?

(5) ફકરાને યોગ્ય શીર્ષક આપો.

---



www.rijadeja.com